પોલીસ ઇન્સ્પેક્ટરની કચેરી
સેટેલાઇટ પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
તા-૧૧/૦૧/૨૦૨૦

# <u>સેટેલાઇટ તથા આનંદનગર પોલીસ સ્ટેશનનો નાસ્તો ફરતો આરોપી પકડી સારી કામગીરી કરતી સેટેલાઇટ પોલીસ</u>

સેટેલાઇટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન-૭૦/૨૦૧૯ ઇપીકો કલમ-૩૦૭, ૩૨૪, ૧૧૪ તથા આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧-બી)(એ) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) ના કામના આરોપી રજની અમરતભાઇ પરમાર ઉ.વ.૨૧, ધંધો-મજુરી અગાઉ રહે. બ્લોક નં.૨૯ ઘર નં.૭૦૫, ગોપાલ આવસ, ઔડાના મકાન, જોધપુર, સેટેલાઇટ, અમદાવાદ શહેર. હાલ રહે. ગામ-ખારીધારીયાલ, તા.ચાણસ્મા, જી.પાટણ નાનો ગુનો કર્યા તા-તા-૧૩/૦૭/૨૦૧૯ થી આજદિન સુધીના લાબા સમયગાળાથી નાસ્તો ફરતો હતો જેને પકડવા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ અને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીજન સા. નાઓની સુચનાથી પો.ઇન્સ શ્રી પી.ડી.દરજી નાઓના માર્ગદર્શન અને સુચના આધારે મ.સ.ઇ અશોકકુમાર જગન્નાથભાઇ બ.ન.૭૧૦૫ તથા પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ તથા પો.કો ભગીરથસિંહ જીતુભા બ.ન.૧૩૨૦૫ નાઓ પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન <u>પો.કો હરિસિંહ જુવાનસિંહ</u> નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે સદરી આ કામનો આરોપી ઇસ્કોન ચાર રસ્તા ખાતે આવવાનો છે જે બાતમી આધારે પો.ઇન્સ શ્રી પી.ડી.દરજી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે બાતમી વાળી જગ્યાએ તાત્કાલીક પહોચી ગયેલ દરમ્યાન આ કામનો આરોપી રંજની અમરતભાઇ પરમાર નાઓ મળી આવેલ જેને સદરી ગુનાના કામે પુછપરછ કરતા પોતે અગાઉ <u>આનંદનગર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન-૬૪/૧૯ ઇપીકો કલમ ૪૫૨,૩૯૨,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબનો</u> ગુન્હો કર્યો હોવાની કબુલાત કરેલ હોય જે ગુનામા પણ નાસતા ફરતા હોય જે આરોપીને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને સેટેલાઇટ પોલીસ સ્ટેશન તથા આનંદનગર પોલીસ સ્ટેશન ના ગંભીર ગુનામા નાસતા ફરતા આરોપી પકડી પ્રસન્નીય કામગીરી કરેલ છે તા-૧૧/૦૧/૨૦૨૦

